ગાંધીનગર સમાચાર

શહેરની હોસ્પિટલમાં ઓપીડી બિલ્ડીંગમાં વોટર કુલર મુકવા માંગ

# પોલીસે રીક્ષાગેંગને રંગે હાથ પકડી

## પીસીઆર વાન લઈને પીછો કરી ચાર શખ્સોને પકડી પાડયા : મહિલાની બેગ લુંટતા તેણીએ બુમાબુમ કરીને પોલીસને કાને પડી ગઈ હતી

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના ઘ-૦ થી સરખેજ તરફ જતી રીક્ષામાંથી એક મહિલાની બુમાબુમનો અવાજ સંભળાતા પેટ્રોલીંગમાં રહેલી પોલીસે પીસીઆર વાન તે દીશામાં દોડાવી હતી. રીક્ષામાં બેસેલી મહિલા મુસાફરની બેગ રીક્ષા ગેંગ ચાલુ રીક્ષાએ લુંટી રહી હોવાનું ધ્યાને આવતા પોલીસે રંગે હાથ ચાર લુંટારૂઓને લુંટ કરતા પકડી પાડયા હતા. ઈન્ફોસીટી પોલીસે ચાર શખ્સોની ધરપકડ કરીને કોર્ટમાં રજુ કરતા કોર્ટે ત્રણ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે.

ઈન્ફોસીટી પોલિસ સ્ટેશનની પીસીઆર વાનના જવાનો હેડ કોન્સ્ટેબલ નાગજીભાઈ તથા લોકરક્ષક અમૃતભાઈ ઘ-૦ સર્કલ નજીક પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ત્યાંથી પસાર થતી એક નંબર વગરની રીક્ષામાંથી મહિલાની બુમ સંભળાઈ હતી. સમયસુચકતા વાપરીને પીસીઆર રીક્ષા પાછળ દોડાવી ઘટના શું છે તે અંગે તાગ મેળવવા પીછો કર્યો ત્યારે ધ્યાને આવ્યું કે મહિલા મુસાફરને રીક્ષામાં બેસાડી દીધા બાદ તેની બેગની લુંટ થઈ રહી હતી અને તે રીક્ષામાં સવાર ચાર શખ્સો રીક્ષા ગેંગના સાગરીતો હતાં.

પોલીસે ચારેયને પકડી પાડયા હતા પોલીસે દહેગામના ફિરોજ અબ્દુલ રઝીદ શેખ, સુરતના ઈસ્માઈલ ઉમર મહમદ, અમદાવાદના સુરેશ રામભજન કોળી અને મુનવર મહમદખાન બલોચ મળી ચારેયની ધરપકડ કરી લીધી છે. જે મહિલા મુસાફર ફાલ્ગુનીબેન પ્રજાપતિની બેગ લુંટવામાં આવી હતી તેમના કહ્યા મુજબ તેઓ પથિકાશ્રમથી અડાલજ ત્રિમંદિર જવા નીકળ્યા હતા. દરમિયાન આ શખ્સોએ બેગમાંથી ત્રણ હજાર રૂપિયા મારવાનો પ્રયાસ કર્યો હતો આ ચારેય શખ્સોના ત્રણ દિવસના રિમાન્ડ મંજુર થયા છે.



## @ગાંધીનગર

● દિવ્ય જીવન સંઘ અને ગાયત્રી શકિતપીઠ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે સવારે ૭ થી ૮ કલાક દરમિયાન સે-૧ ગાયત્રી શકિતપીઠ ખાતે યોગ-ધ્યાન શિબિર યોજાશે.

● રક્ષા શકિત યુનિ.નો પદવીદાન સમારોહ બપોરે ૨ કલાકે સે-૧૭, ટાઉનહોલ ખાતે યોજાશે.

● કલ્ચરલ ફોરમ ગાંધીનગર દ્વારા રાત્રે ૯.૩૦ કલાકે સે-૧૭, ટાઉનહોલ ખાતે 'બા તને કયાં રાખુ' નાટક રજૂ કરાશે.

● સે-૩-ન્યુના નવરાત્રી ચોક ખાતે શ્રીમદ્ ભાગવત કથા યોજાશે.

- નજાહખાનમ સૈયદ

## વાતવાતમાં

● શહેરના સેકટર-૩-એ-ન્યુ નવરાત્રી ચોક ખાતે આયોજીત શ્રીમદ્ ભાગવત કથાના પ્રારંભમાં ભવ્ય પોથીયાત્રા નીકળી હતી. સેકટરના વિવિધ માર્ગો પર નીકળેલી પોથીયાત્રામાં મોટી સંખ્યામાં ભકતો જોડાયા હતા.

● નવા સચિવાલયના વોટસએપ ગ્રુપમાં આજે ગેટ નં. ૧થી નીકળતા નહી ટ્રાફિક પોલીસ આગળ ઉભી છે. હેલ્મેટ નહીં હોય તો પાવતી લેવી પડશે જેવા મેસેજને પરિણામે કર્મચારીઓ અન્ય ગેટમાંથી બહાર ગયા હતા.

● શહેરમાં ધોરણ-૧૦ અને ૧૨ના બોર્ડના પરીક્ષાર્થીઓના ઘરે શુભેચ્છા આપવા માટે મહેમાનોની આવન-જાવન મોડી રાત સુધી ચાલુ રહે છે.

- સમીર રામી,
મો. ૯૯૨૪૪૪૬૬૪૫

## શહેર પેન્શનર્સ સમાજની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા આગામી તા. ૩ માર્ચને ગુરુવારના રોજ સાંજે ૪.૦૦ કલાકે સેકટર-૨૨, સ્વસ્તિક કોમ્પ્લેક્ષના બીજા માળે સમાજની કાર્યવાહક સમિતિની બેઠક યોજાશે. આ બેઠકમાં નવી કાર્યવાહક સમિતિની રચના, વાર્ષિક સામાન્ય સભાના એજન્ડા તથા સંસ્થાનું મુખપત્ર 'પેન્શનર સહયોગ' નવા વર્ષના લવાજમ મેળવવા જેવી કામગીરીની વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવશે. આ બેઠકમાં ચાલુ ટ્રસ્ટીઓ, પદાધિકારીઓ અને કાર્યવાહક સમિતિના સભ્યોને અચુક ઉપસ્થિત રહેવા સંસ્થાના પ્રવરમંત્રી ડી.પી. સંઘાણીએ જણાવ્યું છે.

## યુનાઈટેડ વર્લ્ડ સ્કૂલ ઓફ લો ના વિદ્યાર્થીઓ વિધાનસભાની મુલાકાતે



ગાંધીનગર, તા.૧

યુનાઈટેડ વર્લ્ડ સ્કુલ ઓફ લૉના ૯૦થી વધુ વિદ્યાર્થીઓએ તા. ૨૯ ફેબ્રુઆરી ૨૦૧૬ના રોજ માન. મુખ્યપ્રધાન શ્રીમતી આનંદીબહેન પટેલ, માન. સ્પીકર શ્રી ગણપતભાઈ વસાવા અને માન. કાયદાપ્રધાન શ્રી પ્રદિપસિંહ જાડેજાની હાજરીમાં વિધાનસભાની કામગીરી નિહાળી હતી.

ભારતનું બંધારણ સંસદીય પ્રણાલી દ્વારા લોકો મારફતે ચૂંટાયેલી લોકપ્રિય વિધાનસભાઓને કાયદા ઘડવાની વૈધાનિક સત્તા અને રાજય સરકારને માન્યતા આપતું હોવાથી વિધાનસભાની આ મુલાકાતનું આયોજન કોલેજના વિદ્યાર્થીઓને વિધાનસભાની કાર્યવાહી અંગે પ્રત્યક્ષ માહિતી આપવાના ઉદ્દેશથી અધ્યાપકગણ દ્વારા કરવામાં આવ્યું હતું. વિધાનસભા રાજયના બજેટ અંગેની સત્તાઓ ધરાવે છે. વિધાનસભાની ભૂમિકા રાજયના કાયદા ઘડનાર સર્વોચ્ચ સંસ્થા તરીકેની પણ રહી છે. તમામ નાણાંકીય વિધેયકોને વિધાનસભામાં મંજૂરી આપતી હોવાથી વિધાનસભાની કામગીરી અત્યંત મહત્વ ધરાવે છે. કાયદા વિદ્યા શાખાના અધ્યાપકો, કાયદા પ્રધાન શ્રી પ્રદિપસિંહ જાડેજા તથા સ્પીકર શ્રી ગણપત વસાવા તરફથી મળેલી મૂલ્યવાન માહિતીની સાથે સાથે વિદ્યાર્થીઓએ કાયદા ઘડવાની પ્રક્રિયા પણ જાતે નિહાળી હતી અને તાજેતરમાં રજૂ કરાયેલા રાજયના બજેટને મંજૂર કરવાની પ્રક્રિયા અંગે પણ માહિતી મેળવી હતી.

## જુનાગઢ ખાતે પ્રાગદાસ બાપા ગોદડીયાની રામવાડીમાં મહા શિવરાત્રી મહોત્સવનું આયોજન

ગાંધીનગર, તા.૧

આ સાલ શિવરાત્રી અને સોમવારનો સમન્વય થાય છે તો આ પાવનકારી પ્રસંગે પરમ પૂજય પ્રાગદાસ બાપાની રામવાડી અન્નક્ષેત્ર ટ્રસ્ટ દ્વારા આગામી તા. ૩ થી ૫ માર્ચ દરમિયાન ત્રિ દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અને ૫૭માં મહાશિવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

પ.પૂ.પ્રાગદાસ બાપાની રામવાડી, જુનાગઢ ખાતે ત્રિ દિવસીય શ્રી ગણપતિબાપા, શ્રી હનુમાન દાદા અને પ.પૂ. પ્રાગદાસબાપા ગોદડીયાની મૂર્તિઓના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે. જેમાં પ્રથમ દિવસે પ્રારંભે સવારના ૯ કલાકથી દેહશુધ્ધિ, પ્રાયશ્ચિત, ગણપતિ પૂજન, કુટીર હોમ, મંડપ પ્રવેશ, અગ્નિ સ્થાપન અને જલાધિવાસ, સાયમ આરતી કરાશે.

દ્વિતિય દિવસે સ્થાપિત દેવોનું પૂજન, પ્રાદ્યાન હોમ, સાયમ્ આરતી અને રાત્રીસુકત પઠન કરવામાં આવશે.

તૃતિય દિવસે બપોરના ૨.૦૦ કલાકથી સ્થાપિત દેવોનું પૂજન, શિખરાભિષેક, ધ્વજારોહણ, રાજોપચાર પૂજા, મૂર્તિ પ્રતિષ્ઠાન, ઉત્તર પૂજા, દિકપાલ પૂજા, મહાઆરતી સહિતના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવમાં નગરના ભાવિક ભકતોને લાભ લેવા સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી એન.પી. પટેલ અને પ્રેમદાસબાપા ગોદડીયા પરિવારે જણાવ્યું છે. ઉપરોકત ટ્રસ્ટ દ્વારા અન્નદાન, વિદ્યાદાન, આરોગ્ય સેવા, જળસેવા, વ્યસન મુકિત જેવા સેવાના સતકાર્યો કરવામાં આવે છે.

## આર.એન. પટેલ શાળાના વિદ્યાર્થીઓ ચિત્ર સ્પર્ધામાં ઝળકયા

ગાંધીનગર, તા.૧

તાજેતરમાં આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલ દ્વારા ચિત્ર સ્પર્ધા, વાંચન અને સુલેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વાંચન સ્પર્ધામાં મોહમદ સાફીન મલેક પ્રથમ ક્રમે, પ્રાચી ઠકકર દ્વિતિય ક્રમે, ખુશી તાવ્યાડ તૃતીય ક્રમે રહ્યા હતા. સુલેખન સ્પર્ધામાં સ્તુતિ પટેલ પ્રથમ ક્રમે, ઓમ ત્રિવેદી દ્વિતિય ક્રમે, દક્ષ પ્રજાપતિ તૃતિય ક્રમે જયારે ચિત્ર સ્પર્ધામાં દિવ્યાબા ચૌહાણ પ્રથમ ક્રમે, જયસિંહ લકુમ દ્વિતિય ક્રમે, રિધ્ધિ વાઘેલા તૃતિય ક્રમે, મનસ્વી ગામેતી પ્રથમ ક્રમે, અભિ પ્રજાપતિ દ્વિતિય ક્રમે, વિશ્વા પટેલ તૃતિય ક્રમે, હેતુબેન પ્રજાપતિ પ્રથમ ક્રમે, તીર્થ આદેજા દ્વિતિય ક્રમે, ધ્રુવી વાઘેલા તૃતીય ક્રમે વિજેતા બન્યા હતા. વિજેતા થનાર તમામ વિદ્યાર્થીઓને શાળા પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## શહેરની હોસ્પિટલમાં ઓપીડી બિલ્ડીંગમાં વોટર કુલર મુકવા માંગ

ગાંધીનગર, તા.૧

જીએમઈઆરએસ સંચાલિત ગાંધીનગર હોસ્પિટલમાં નવિન ઓપીડી બિલ્ડીંગમાં આવતા દર્દીઓને પીવાના પાણી માટે વલખા મારવા પડે છે. ઓપીડી વિભાગમાં આવતા દર્દીઓને પાણી માટે જુના બિલ્ડીંગ સુધી લાંબા થવુ પડે છે. પાણીની યોગ્ય વ્યવસ્થા ના હોવાથી દર્દીઓને ભારે હાલાકી ભોગવવાનો વારો આવે છે. સ્ટાફ તેમજ દર્દીઓને પાણીની બોટલ ભરીને દિવસ પસાર કરવો પડે તેવી પરિસ્થિત ઉભી થવા પામી છે. ત્યારે સિવિલ તંત્ર દ્વારા ઓપીડી બિલ્ડીંગમાં પાણીની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે તેવું તરસ્યા દર્દીઓ ઈચ્છી રહ્યા છે.

ગાંધીનગર મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ અત્યંત આધુનિક અને હાઈટેક બનાવામાં આવી છે. મેડીકલ કોલેજને પગલે તમામ વ્યવસ્થામાં સુધારો કરવામાં આવ્યો છે. દર્દીઓને મળતી માળખાકીય સુવિધામાં પણ વધારો કરવામાં આવ્યો છે. ત્યારે સિવિલના નવા ઓપીડી બિલ્ડીંગમાં પીવાના પાણીની યોગ્ય વ્યવસ્થા ના હોવાથી દર્દીઓ અને મુલાકાતીઓ ભારે મુસીબતમાં મુકાય છે. ઉનાળાનો પ્રારંભ થઈ ચુક્યો છે કાળઝાળ ગરમીમાં પીવાના પાણીની તરસ વધુ લાગે છે તેમજ ડોકટરો પણ ગરમીથી બચવા માટે પાણી વધુ પીવાની સલાહ આપે છે તેવા સંજોગોમાં ઓપીડી વિભાગમાં પાણી ન હોવાથી દર્દી તેમજ સ્ટાફની હાલત કફોડી બની રહેશે. અત્યારના સંજોગોમાં દર્દીઓએ જુના બિલ્ડીંગ સુધી બોટલ લઈને જવું પડે છે. જયારે સ્ટાફના કર્મચારીઓ પણ પાણીના બોટલના સહારે દિવસ દરમ્યાન ફરજ બજાવે છે. આગામી સમયમાં ઉનાળાને ધ્યાને લઈ તંત્ર દ્વારા દર્દીઓ અને મુલાકાતીઓ માટે પાણીના કુલરની વ્યવસ્થા કરવામાં આવે તો ઠંડુ પાણી સિવિલમાં આવતા તમામ લોકોને મળી રહે. જિલ્લાકક્ષાની હોસ્પિટલ હોવાથી રોજના હજ્જારો દર્દીઓ ઓપીડી વિભાગમાં સારવાર માટે આવતા હોય છે ત્યારે તરસ્યા દર્દીની વાત સિવિલ તંત્રના કાને પહોંચે અને પાણીની વ્યવસ્થા કરવામાં આવે તેવી લાભાર્થીઓની માંગણી અને લાગણી છે. પરંતુ આજના હોસ્પિટલમાં આવતા તરસ્યા દર્દીઓ પાણીની પોકાર પાડી રહ્યા છે.

## એમ.બી. પટેલની ધોરણ-૮ની વિદ્યાર્થીનીઓનો યોજાયેલ શુભેચ્છા સમારંભ

ગાંધીનગર, તા.૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતી ધો-૮ની વિદ્યાર્થીનીઓનો શુભેચ્છા સમારંભ તા. ૨૫-૨-૨૦૧૬ના રોજ યોજાયો હતો. ધો-૮ની વિદ્યાર્થીનીઓએ પોતાના શાળાકીય અનુભવો રજૂ કર્યા હતા તથા ધો-૮ના વર્ગશિક્ષકો, શાળાના સુપરવાઈઝરોએ પ્રાસંગિક ઉદબોધન કર્યા હતા. વિદ્યાર્થીનીઓએ સુટેવ, સ્વયંશિસ્ત, આત્મરક્ષણ, સ્વચ્છતા વિષય પર વિસ્તારથી ચર્ચા કરી હતી.

શાળાના આચાર્યશ્રી નીરૂબેન પટેલે વિદ્યાર્થીનીઓને શુભેચ્છા પાઠવી હતી તથા અલ્પાહારનું આયોજન કરી દરેક બહેનને શુભેચ્છાના પ્રતીકરૂપે પેન ભેટમાં આપી હતી. અંતમાં યાદગીરીરૂપે ફોટોસેશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

## હેલ્મેટ ઝુંબેશ હવે નવા સચિવાલયનાં ગેટ સુધી પહોંચી

### ગેટ નં. ૧ પાસે પોલીસની ટુકડી ઉભી રહી ગઈ ને હેલ્મેટ વગર ફરતા ૪૮ કર્મચારી-અધિકારીઓ પાસેથી દંડ વસુલ્યો

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરના વિવિધ સર્કલો પર હેલ્મેટ ઝુંબેશ સઘન બનાવ્યા બાદ હવે ટ્રાફીક પોલીસની હેલ્મેટ ઝુંબેશ નવા સચિવાલયના ગેટ સુધી પહોંચી ગઈ છે. આજે પોલીસની એક ટુકડી ગેટ નં. ૧ની બહાર ઉભી રહી ગઈ હતી અને હેલ્મેટ વગર નીકળેલા ૪૮ કર્મચારી-અધિકારીઓને દંડની પાવતી પકડાવી હતી. નોંધનીય છે કે કેટલાક ડીવાયએસઓ અને એસઓ કક્ષાના અધિકારીઓ પણ દંડાયા છે.

જિલ્લા પોલિસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી આજે જિલ્લા ટ્રાફીક પોલીસ મથકના ઈન્ચાર્જ પીએસઆઈ ઝાલાની ટીમે શહેરભરમાં હેલ્મેટ ફરજીયાતનું ચુસ્તપણે પાલન કરાવવા સંખ્યાબંધ વાહનચાલકોને દંડ ફટકાર્યા બાદ આજે નવા સચિવાલયના ગેટ ઉપર દંડનીય કાર્યવાહી હાથ ધરી હતી. દર વખતે ટ્રાફીક ડ્રાઈવને બ્રેક લાગવા પાછળનું કારણ નવા સચિવાલય રહેતું હતું. અધિકારીઓને કરંટ લગાડતા આ નવા સચિવાલયને જ આ વખતે ટાર્ગેટ બનાવામાં આવ્યું છે. નવા સિચવાલયના ગેટ નં. ૧ બહાર ટ્રાફીક પોલીસની ટુકડી તૈનાત થઈ ગઈ હતી અને સેકશન ઓફીસરથી માંડીને પટાવાળા સુધીનાં કર્મચારી-અધિકારીઓને દંડ ફટકારવામાં આવ્યો છે. હેલમેટ વગર ટુ વ્હીલર લઈને નીકળેલા ૪૮ કર્મચારી-અધિકારીઓને પાવતી પકડાવીને તેમની પાસેથી રૂ. ૪૮૦૦નો દંડ વસુલવામાં આવ્યો છે.

### એસ.પી. ઓફીસમાં પણ ટ્રાફીક પોલીસની ડ્રાઈવ

ટ્રાફીક પોલીસ દ્વારા આજે સે-૨૭ ખાતે સ્થિત એસ.પી. ઓફિસમાં પણ ડ્રાઈવ રાખવામાં આવી હતી. એસ.પી. ઓફિસમાંથી પસાર થતા ચાર પોલીસ જવાનો હેલ્મેટ વગર આજે પકડાયા હતા. જે ચારેય પોલીસ કર્મચારીઓને દંડની પાવતી પકડાવીને રૂ. ૪૦૦નો દંડ વસુલવામાં આવ્યો છે.

## રાયપુર સાયફન નજીક રાત્રે કેબલ ચોરો ત્રાટકયા

### કેનલની બહારના ભાગે સ્થિત કેબીનનું તાળુ તોડયુ : કિંમતી કેબલોની ચોરી

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં મોબાઈલ ટાવરો પાસેથી, બોરકુવા પાસેથી તથા કેનાલ પાસેથી કેબલોની ચોરીએ માઝા મુકી છે. કેબલ ચોરી કરીને તેમાંથી નીકળતા કોપરને ભંગારમાં આપી ચોરો હજારો રૂપિયા ભેગા કરે છે. આવી જ એક કેબલ ચોરીની ઘટના રાયપુર સાયફન નજીક રાત્રી દરમિયાન બનવા પામી છે. કેબલોની ચોરી કરીને ગેંગ ફરાર થઈ ગઈ છે. જો કે આ અંગે કોઈ પોલિસ ફરિયાદ નોંધવામાં આવી નથી.



રાયપુર નર્મદા કેનાલથી સાયફન તરફ ગઈ રાત્રી દરમિયાન કેબલ ચોરો ત્રાટકયા હતા. સાયફન નજીક કેનાલ હસ્તકની કેબીનના તાળા તોડી નાંખવામાં આવ્યા હતા. અને કેબીનમાંથી તથા આસપાસમાંથી કોપર યુકત કેબલનો જથ્થો કાપીને ચોરી કરી જવામાં આવ્યો હોવાનુ ધ્યાને આવ્યુ છે. જો કે નાઈટમાં સિકયુરીટી ગાર્ડ પણ કેનાલ ફરતે મુકવામાં આવ્યો ન હોવાથી ચોરોને છુટો દોર મળી ગયો છે. તો બીજી તરફ સત્તાધીશો દ્વારા ચોરી અંગે ફરિયાદ આપવાનું પણ ટાળવામાં આવ્યું છે.

# પી.એફ. પર ટેક્ષનો કર્મચારીઓમાં હાયકારો

## ૮૦ (જી) હેઠળ બાદ મળતી પીએફની રકમનો સાગમટે ટેક્ષ ચુકવવાની નોબત આવી, નિવૃત્તિના આશરામાં પણ છેદ પડયું

ગાંધીનગર, તા.૧

જીંદગીનો મહત્તમ ભાગ નોકરીમાં વિતાવ્યા પછી નિવૃત્તિ સમયે મળતાં નાણામાંથી આરામથી સમય પસાર કરવાની ખ્વાહિશ ધરાવતા કર્મચારીઓની રકમમાંથી ટેક્ષ પેટે રકમ કાપી લેવાની નાણાં મંત્રીની જાહેરાતથી સમગ્ર કર્મચારી આલમમાં હાયકારો વ્યાપ્યો છે. અત્યાર સુધી પીએફની રકમ ઉપર ટેકસ વસુલવામાં આવતો નહોતો. પરંતુ નવા વર્ષથી આ ટેકસ વસુલવાની જોગવાઈ કરવામાં આવી છે. નોકરી દરમિયાન અનેક મુશ્કેલીઓનો સામનો કરી નિવૃત્તિની રકમ ઉપર આશ લગાવીને બેસેલા કર્મચારીઓ વ્યાજની રકમ ઉપર બાકીનું જીવન ગુજારવા ગણતરીઓ કરતા હોય છે ત્યારે સરકારના આ નિર્ણયથી કર્મચારીઓમાં આઘાતની લાગણી પેદા થઈ છે.

સંસદમાં સોમવારના રોજ રજુ થયેલા અંદાજપત્રમાં નાણામંત્રીએ નિવૃત્તિ સમયનો ઈપીએફનો ઉપાડ મોંઘો કરી નાંખ્યો છે. નિવૃત્તિ સમયે સાગમટે આવતી રકમના ૬૦ ટકા ભાગ ઉપર ટેકસ લાગુ પાડવાનું નક્કી કરેલ છે. ઈપીએફની રકમ પર અત્યાર સુધી કોઈ જ ટેક્ષ વસુલવામાં આવતો નહતો પરંતુ ૧ એપ્રિલ ૨૦૧૬ પછી ઈપીએફની કુલ રકમના ૬૦ ટકા ઉપર ટેક્ષ વસુલાશે જયારે ૪૦ ટકા રકમ પર ટેક્ષ વસુલવામાં આવશે નહીં તે પ્રકારની જાહેરાત




અંદાજપત્રમાં કરવામાં આવી છે નોકરી દરમિયાન ૮૦ (જી) હેઠળ કપાયેલ પી.એફ.ની રકમનો ઈન્કમટેક્ષમાંથી મુકિત આપવામાં આવેલી છે જેથી નોકરી દરમિયાન એકઠી થયેલી પીએફની રકમ નિવૃત્તિ સમયે ઉપાડ કરતી વખતે કુલ રકમના ૬૦ ટકા રકમ ઉપર ટેક્ષ ચુકવવાની નોબત ઉભી થઈ છે.

નોકરીયાત વર્ગ આવકવેરાના સ્લેબમાં વધારાની આશા રાખીને બેઠો હતો જેને નાણાંમંત્રીએ નિવૃત્તિ સમયનો કડવો ડોઝ આપી દીધો છે. નોકરી દરમિયાન સામાજીક વ્યવહારોના ખર્ચા, બાળકોના અભ્યાસના ખર્ચા, બબ્બળકોના લગ્નપ્રસંગે તથા અન્ય પ્રસંગેના ખર્ચા વેઠીને એક માત્ર બચત એવા પીએફ ઉપર આશાનું કિરણ રાખીને બેસેલા કર્મચારીઓને પણ સરકારે આપ્યા પછી લઈ લેવાનું ધોરણ અપનાવી દીધું છે. કર્મચારીઓને ૮૭ (એ) હેઠળ ૩૦૦૦ની વધારાની છુટ તથા ઘરભાડા કપાતની મર્યાદા રૂ. ૨૪,૦૦૦થી વધારીને ૬૦,૦૦૦ કરી આંશિક રાહત આપવાનો આ બજેટમાં પ્રસાય થયો છે. ઈપીએફ સહિત અન્ય માન્યતા પ્રાપ્ત પીએફ સ્કીમ અંતર્ગત જમા રકમ લેવા માટે પણ ૬૦:૪૦નો જ નિયમ લાગુ થશે તેવું અંદાજપત્રમાં જણાવાયું છે. નિવૃત્ત સમય પછી કામગીરી માટે અશકત બનેલા કર્મચારી પીએફની રકમને બેંકમાં મુકી વ્યાજ ઉપર જીવવાનો મનસુબો ધરાવતા હોય છે તેઓની આ મહેનતની મુડી ઉપરની તરાપથી સમગ્ર નોકરીયાત વર્ગમાં હાયકારો વ્યાપી ગયો છે અને આ નિર્ણયથી રોષ ફરી વળ્યો છે.

## અવસાન નોંધ

શ્રી સોરઠીયા શ્રીગૌડ માળવિયા બ્રાહ્મણ મૂળ ગોલાધર, હાલ ગાંધીનગર મનીષચંદ્ર ગણપતલાલ ભટ્ટના માતૃશ્રી રમાબેનનું અવસાન થયું છે. સદગતનું બેસણું તા. ૩ માર્ચને ગુરુવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાક દરમિયાન તેઓના નિવાસસ્થાન પ્લોટ નં. ૪૪૯/૧, સેકટર-૪-બી ખાતે રાખવામાં આવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. મંગુબેન બાલાભાઈ વાઘેલા, ઉ.વ. ૬૫
- સ્વ. નીતુ વિજયકુમાર સુરી, ઉ.વ. ૪૦
- સ્વ. સોલંકી જસીબેન ચીનુજી, ઉ.વ. ૫૮
- સ્વ. ચાવડા કચરાજી કાળુજી, ઉ.વ. ૬૪
- સ્વ. પરમેશ્વરી હરીશચંદ્ર સોલંકી, ઉ.વ. ૬૭